**ક્રિમીનલ કેસ નંબર : ૩૪૦/૧૯૯૭**

## આંક ૧ નીચે હુકમ

આ ગુનાના કામે ફરીયાદી દ્વારા આરોપી વિરૂધ્ધ ફરીયાદ અત્રેની અદાલતમાં દાખલ કરેલ છે. ત્યારબાદ આરોપીને સબબ ગુનાના કામે કોર્ટમાં હાજર રહેવા સમન્સ/વોરંટ ઈસ્યુ કરતા આરોપી કોર્ટમાં હાજર થયેલ નથી. હાલના કામે આરોપીનું વોરંટની બજવણી અંગે વિવિધ રાહે પ્રયત્નો કરવામાં આવેલ છે તેમ છતાં આરોપી મળી આવેલ ન હોય તેવા શેરા સાથે વોરંટ વગર બજયે પરત આવેલ છે. સદર કામ આરોપીની ગેરહાજરીના કારણે સને ૧૯૯૭ ના વર્ષથી મુલત્વી રહેલ છે. સદર કામે ફરીયાદી દ્વારા ફરીયાદ દાખલ કર્યા બાદ કોર્ટ સમક્ષ હાજર રહી ફરીયાદ અનુસંઘાને કોઇ કાર્યવાહી કરેલ નથી. આમ, આરોપીને કોર્ટ સમક્ષ હાજર રાખવા પુરતા પ્રયત્નો કરવા છતાં હાજર રહેલ નથી તેમજ સદર આરોપીને હાજર રાખવામાં ફરીયાદપક્ષ તથા પોલીસ સદંતર નિષ્ફળ રહેલ છે. આમ, પુરતા પ્રયત્ન કર્યા હોવા છતાં કોઇપણ સંજોગોમાં આરોપી કોર્ટ સમક્ષ હાજર થાય તેમ નથી. જેથી આરોપી વિરૂધ્ધની ફરીયાદ આરોપીની ગેરહાજરીમાં આગળ ચલાવી શકાય તેમ નથી. આમ, રેકર્ડ પરની સ્થિતિએ આરોપી નજીકના ભવિષ્યમાં મળી આવે તેવી કોઇ સંભવના જણાતી ન હોય, ન્યાયના હિતમાં આરોપી વિરૂધ્ધ કરવામાં આવેલ ફરીયાદ તથા તે અનુસંઘાને મુકવામાં આવેલ તહોમત હાલના સંજોગોમાં બંધ રાખવા સિવાય કોઇ વિકલ્પ બચ્યો નથી. જેથી **ગુજરાત રાજય વિરૂધ્ધ ઇબ્રાહીમ લાઘા, એ.આઇ.આર. ૧૯૭૧, ગુજરાત, પાના નં. ૧૯૪૮**માં જણાવેલ માર્ગદર્શક સુચનાઓ મુજબ આરોપી વિરૂધ્ધ તહોમત સ્ટોપ પ્રોસીડીગ્સ કરવાનો નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## હુકમ

ક્રિ, પ્રો. કોડ કલમ ૨૫૮ અન્વયે આ ગુનાના કામે આરોપી વિરૂધ્ધ કરવામાં આવેલ ફરીયાદની કાર્યવાહી બંધ (સ્ટોપ પ્રોસીડીગ્સ) કરી આરોપીને બિનતહોમત છોડી મુકવા હુકમ કરવામાં આવે છે.

જો આરોપી ભવિષ્યમાં મળી આવે તો તેઓ સામે કિ. પો. કોડની કલમ ૩૦૦(૫) મુજબની આ કોર્ટે પરવાનગી આપેલ છે તેમ ગણી જે તે તબકકેથી કેસ આગળ ચલાવવા હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ ૦૯ માહે સપ્ટેમ્બર સને ૨૦૨૩ ના દીને સ્પેશીયલ સીટીંગમાં જાહેર કર્યો.

**(પ્રિતેશ જગદીશચંદ્ર કાયસ્થ)**
૧૧મા એડી. ચીફ જયુડી. મેજી., રાજકોટ
(જીજે-૦૧૦૫૩)